જન્મદિને વધામણી

હાર્દિક પરીખ
મો. ૯૮૨૪૫ ૧૦૮૦૭

અક્ષરાજસિંહ ચેતનસિંહ રાઠોડ
મો. ૯૯૯૮૮ ૯૭૫૩૯

પ્રેરણા વિદ્યાલય શનિવારે દ્વિદશાબ્દિ મહોત્સવ ઉજવશે

૨૪મી ડિસેમ્બરે પૂર્વ વિદ્યાર્થીઓ-શિક્ષકોના સ્નેહ મિલન અને વર્તમાન વિદ્યાર્થીઓના સાંસ્કૃતિક કાર્યક્રમના માધ્યમથી દ્વિદશાબ્દિની ભવ્ય ઉજવણી

ગાંધીનગર, તા. ૨૧

સૅક્ટર-૫ એ ખાતે કાર્યરત પ્રેરણા વિદ્યાલય દ્વારા પોતાની ૨૦ વર્ષની અવિરત શૈક્ષણિક યાત્રાની ઉજવણીના ભાગરૂપે આગામી તા. ૨૪ ડિસેમ્બર ને શનિવારના રોજ દ્વિદશાબ્દિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

આ મહોત્સવ અંતર્ગત બપોરે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ-શિક્ષકોનો સ્નેહમિલન સમારોહ અને સાંજે વર્તમાન વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવશે.

વિદ્યાલયના આચાર્ય મનીષ ખત્રીએ આ અંગેની વિગતો આપતાં જણાવ્યું છે કે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને શિક્ષકોનું સ્નેહમિલન બપોરે ૩.૩૦ કલાકે સૅક્ટર-૨૨ રંગમંચ ખાતે આયોજિત કરવામાં આવ્યું છે. આ સ્નેહમિલનમાં પધારી સ્થળ પર રજિસ્ટ્રેશન કરાવનાર સૌ વિદ્યાર્થીઓ, શિક્ષકો માટે એક લકી ડ્રોનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

આ સ્નેહમિલન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે બાર કાઉન્સિલ ઑફ ગુજરાતના મૅમ્બર ઍડવોકટ કરણસિંહ બી વાઘેલા તથા અતિથિ વિશેષ તરીકે ગાંધીનગર શહેર કોંગ્રેસના પૂર્વ પ્રમુખ મુકેશભાઈ કે પટેલ ઉપસ્થિત રહેશે.

આ સમારોહ અંતર્ગત 'હરપાલસિંહ ઝાલાના હાસ્ય દરબાર'નું આયોજન પણ કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમ પછી આ જ સ્થળે વર્તમાન વિદ્યાર્થીઓ દ્વારા ભવ્ય સાંસ્કૃતિક સંધ્યાનું આયોજન પણ કરવામાં આવ્યું છે, જેનો પ્રારંભ સાંજે ૬.૩૦ કલાકે કરવામાં આવશે. આ સમારોહના મુખ્ય અતિથિ તરીકે ગાંધીનગર અર્બન ડેવલપમેન્ટ ઑથોરિટીના ચૅરમૅન આશિષભાઈ દવે અને અતિથિ વિશેષ તરીકે મધુર ડેરીના ચૅરમૅન ડૉ. શંકરસિંહ રાણા ઉપસ્થિત રહેશે.

ગાંધીનગરના સૌ વિદ્યાપ્રેમી, કલાપ્રેમી નાગરિકોને આ સાંસ્કૃતિક કાર્યક્રમ માણવા માટે પધારવા પ્રેરણા વિદ્યાલય તરફથી નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગર ખાતે ક્રિકેટર મોહનીશ પરમાર અતિથિ બન્યા

દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગર ખાતે ચાલી રહેલા વાર્ષિક ખેલોત્સવની શૃંખલાના ત્રીજા દિવસે બુધવારે આઈપીઍલ ક્રિકેટ પ્લેયર મોહનીશ પરમાર અતિથિ બન્યા હતા, જેમણે સ્કૂલના વિભિન્ન વર્ગોની મુલાકાત લીધી હતી. અહીં કાર્યરત ભોલારામ ઍજ્યુકેશન સોસાયટી સંચાલિત ઓટિસ્ટિક બાળકો માટેના કેન્દ્ર 'સારાંશ ફાઉન્ડેશન'ની મુલાકાતથી તેઓ પ્રભાવિત થયા હતા.

ગુરુવારે વિશિષ્ટ બાળકો માટે વિભિન્ન રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્કેટીંગ, વિવિધ પ્રકારની દોડ વગેરે રમતોમાં ભાગ લઈને આ બાળકોએ ખૂબ આનંદ માણ્યો હતો. ડીપીઍસ ગાંધીનગર દ્વારા કરવામાં આવેલી આ વિશિષ્ટ પહેલને ક્રિકેટર મોહનીશ પરમારે બિરદાવી ડીપીઍસ પરિવારને અભિનંદન પાઠવ્યા હતા.

ડાયરેક્ટ ❤ સે

નાની દીકરીઓને
ચાર ચોપડી ભણવા દો સાહેબ
કૂખથી બચી છે
દહેજથીય બચી જશે

મનોરંજન

સિટી પલ્સ

સ્ક્રીન-૨
બેફિકરે
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦
સ્ક્રીન-૪
કહાની-૨
૧.૦૦, ૭.૦૦
ડિયર જિંદગી
૪.૦૦
ધ્રુવા (તેલુગુ)
૯.૩૦
સ્ક્રીન-૫
બેફિકરે
સવારે ૧૦.૦૦
વજહ તુમ હો
૧૨.૪૫, ૩.૪૫,
૬.૪૫, ૯.૪૫

'આર્ષ' દ્વારા શનિવારે ભક્ત હર્ષદરાય દવે વિષયે પ્રવચન

ગાંધીનગર, તા. ૨૧

અક્ષરધામ સૅન્ટર ફૉર ઍપ્લાઈડ રિસર્ચ ઈન સોશિયલ હાર્મની (આર્ષ) દ્વારા ભક્તરાજ હર્ષદરાય દવે વિષયે ૭૮મું પ્રવચન આગામી તારીખ ૨૪ ડિસેમ્બર ને શનિવારના રોજ આયોજિત કરવામાં આવ્યું છે. સ્વામિનારાયણ મંદિરથી ભાગ્યે જ કોઈ અજાણ હશે. દેશ-વિદેશમાં તેની વિવિધ શાખાઓ, ગુરુકુળ, વિદ્યામંદિરો, મંદિરો, અક્ષરધામ જેવાં સંકુલો વગેરેને કારણે સ્વામિનારાયણ સંપ્રદાય ખૂબ જાણીતો છે. પરંતુ સ્વામિનારાયણ સંપ્રદાયના ઈતિહાસમાં અભિનવ વ્યાસની ઉપમા આપી શકાય તેવા સાક્ષરવર્ય હર્ષદભાઈ દવેથી સાધારણ સત્સંગી પણ અજાણ્યા હશે. હર્ષદભાઈ દવેએ ભગવાન સ્વામીનારાયણના જીવન ચરિત્રના દળદાર પાંચ ભાગ જેવા ૨૦ જેટલા દળદાર ગ્રંથો અર્થાત ૬૩૧૮થી વધારે પૃષ્ઠોમાં સ્વામીનારાયણ સંપ્રદાયનો ઈતિહાસ લખ્યો છે. કનૈયાલાલ મુનશીના જમણા હાથ સમાન સાહિત્યકાર અને બીએપીઍસ સંસ્થાના ટ્રસ્ટી હોવા છતાં અદના સેવક તરીકે કાર્ય કરીને ગુણોનું માન પચાવનાર તે ભક્ત હતા. એક ગૃહસ્થ પણ બહુઆયામ ધરાવતી સમાજ ઉન્મુખી સંસ્થામાં કેવું યોગદાન આપી શકે તેના તેઓ દૃષ્ટાંતરૂપ હતા. પોતાના ઈષ્ટદેવ અને બ્રહ્મસ્વરૂપ ગુરુઓના આદેશમાં જ તમામ સુખ-ભોગ સમજનાર આદર્શ શિષ્ય હતા.

આવી બહુમુખી પ્રતિભાનો વિસ્તૃત મહિમા જાણવા માટે આર્ષ ત્રૈમાસિક પ્રવચનમાળાના ૭૮મા પ્રવચનમાં 'પરમ ભક્તરાજ સાક્ષરવર્ય શ્રી હર્ષદરાય દવે' વિષય પર બીએપીઍસ સંસ્કૃત મહાવિદ્યાલય, સારંગપુરના પ્રધાનાધ્યાપક પૂ. આત્મતૃપ્તદાસ સ્વામી તથા અક્ષરધામ, ગાંધીનગરના મહંત પૂ. આનંદસ્વરૂપદાસ સ્વામી શનિવારે સાંજે ૪.૩૦ થી ૭.૦૦ દરમિયાન અક્ષરધામ હરિમંદિરના સભાગૃહ, સૅ-૨૦ ખાતે વક્તવ્ય આપી રહ્યા છે.

માઉન્ટ કાર્મૅલ યુકેજી-ઍલકેજીના ભૂલકાઓનો વાર્ષિક મહોત્સવ યોજાયો

માઉન્ટ કાર્મૅલ હાઈસ્કૂલ, ગાંધીનગરના આંગણે મંગળવારે યુકેજીના ભૂલકાઓ અને બુધવારે ઍલકેજીના ભૂલકાઓએ વાર્ષિક ઉત્સવની ઉજવણી કરી હતી. બાળકોએ પોતાનામાં રહેલી આંતરિક શક્તિઓને જુદા જુદા કાર્યક્રમ દ્વારા ખૂબ જ ઉત્સાહપૂર્વક રજૂ કરી હતી. પ્રાર્થના નૃત્ય, અભિનય ગીત અને નૃત્ય દ્વારા સર્વને મંત્રમુગ્ધ કરી દીધા હતા અને સાથે નાતાલનો શુભ સંદેશ પણ આપ્યો હતો. જેમાં બાળ ઈસુના જન્મ પૂર્વથી તેમના જન્મ સુધીની વાત નાટકરૂપે રજૂ કરી હતી. પ્રિન્સિપાલ સિસ્ટર રેણુકાએ કાર્યક્રમના અંતમાં શુભ સંદેશ આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મૅનેજર સિસ્ટર વેરોનિકા, પ્રિન્સિપાલ સિસ્ટર રેણુકાના માર્ગદર્શન હેઠળ શિક્ષકોના અથાગ પ્રયત્નોથી સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવ્યું હતું.

Green-KSV
Skill Development Centre
LDRP INSTITUTE OF TECHNOLOGY AND RESEARCH
in Collaboration with :
The Centre for Entrepreneurship Development, Gujarat
CED

કેઍસવી ઍલડીઆરપી ખાતે

આજે સ્કિલ ડૅવલપમૅન્ટ સૅન્ટરનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૧

કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા ઍલડીઆરપી કૅમ્પસ ખાતે સ્કિલ ડૅવલપમૅન્ટ સૅન્ટરનો પ્રારંભ કરવામાં આવી રહ્યો છે.

ગ્રીન કેઍસવી સ્કિલ ડૅવલપમૅન્ટ સૅન્ટરના કો-ઓર્ડિનેટર પ્રૉ. ડૉ. દિવ્યાંગ પંડ્યાએ આ અંગેની માહિતી આપતાં જણાવ્યું છે કે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ છેલ્લાં નવ દાયકાથી સમાજની સેવામાં રત છે. ગુજરાત રાજ્યના સૅન્ટર ફોર ઍન્ટપ્રેન્યરશીપ ડૅવલપમૅન્ટ દ્વારા કેઍસવીને ગ્રીનફિલ્ડ કંટ્રોલ સિસ્ટમ્સ (ઈ) પ્રા. લિ.ના સહયોગમાં કમ્પ્યુટર ન્યુમેરીકલ કંટ્રોલ (સીઍનસી) અને ટર્નીંગ મશીનીંગ અને વર્ટીકલ મશીનીંગ સૅન્ટર (વીઍમસી) ચલાવવા માટે મંજૂરી આપવામાં આવી છે, જેના અનુસંધાને આ સ્કિલ ડૅવલપમૅન્ટ સૅન્ટરનો પ્રારંભ કરવામાં આવી રહ્યો છે. તા. ૨૨ ડિસેમ્બર ને ગુરુવારના રોજ બપોરે ૧.૪૫ કલાકે ઍલડીઆરપી-આઈટીઆર કૅમ્પસ ખાતે આ સૅન્ટરનો ઉદ્ઘાટન સમારોહ આયોજિત કરવામાં આવ્યો છે, જેમાં અતિથિ તરીકે ઉદ્યોગ મંત્રી રોહિત પટેલ, મમતા મશીનરી પ્રા.લિ.ના ચૅરમૅન મહેન્દ્રભાઈ પટેલ, ગુજરાત રાજ્ય સીઈડીના ડિરેકટર રામ નાથ પ્રસાદ, ઈન્ડેક્ષ્ટ-બીના ડિરેકટર ચંદન ચેટર્જી, કેઍસવીના ચૅરમૅન વલ્લભભાઈ પટેલ, ગ્રીનફિલ્ડ કંટ્રોલ સિસ્ટમ્સના માર્કેટિંગ ડિરેકટર જી ડી પટેલ અને કેઍસવીના ડિરેકટર ડી ટી કાપડિયા ઉપસ્થિત રહેશે.

બી. સી. એ. કોલેજમાં

આઈટી ફેર અને અક્ષ-૨૦૧૬નું સમાપન

ગાંધીનગર, તા. ૨૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત અને કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ, ગાંધીનગર (બી.સી.એ. અને પી.જી.ડી.સી.એ.) દ્વારા કોલેજ ખાતે ત્રિદિવસીય આઈ.ટી. ફેર અને "અક્ષ" એટલે આર્ટ અને લીટરરી ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર અને અમદાવાદ જીલ્લાની કુલ ૫૧ કરતાં વધારે સ્કૂલોના ૫૭૦૦ જેટલા વિદ્યાર્થીઓએ આઈ.ટી.ફેરની મુલાકાત લીધી હતી. અક્ષ–ઈવેન્ટની વિવિધ સ્પર્ધાઓમાં ૧૫૦૦ કરતાં વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં બી.સી.એ. કોલેજના ૨૦ પ્રધ્યાપકો અને ૩૫૦ વોલીયન્ટર્સની ટીમ સતત કર્યરત રહી હતી. આ આઈ.ટી.ફેરમાં કમ્પ્યુટરની વિવિધ ટેક્નોલૉજી અને તેને સંલગ્ન ટૂલ્સને દર્શાવતા ૧૬ કરતાં વધારે સ્ટોલ્સમાં લાઈવ મોડેલ્સનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જેમાં કમ્પ્યુટરની કાર્યશૈલી, સ્માર્ટ મોલ,ઁજી બિલિંગ, ઈ-કોમર્સ, એનિમેશન વર્લ્ડ, મલ્ટીમીડિયા, રોબોપીડિયા, ઈલેક્ટ્રોનિક્સ ફોર યુ,ઓટો આઈડી ટેક્નોલૉજી, ટેકનોવર્લ્ડ,સિકસ્થ સેન્સ ટેક્નોલૉજી,સ્માર્ટ સેન્સર, ગેજેટ ગુરુ,સ્માર્ટ હોમ અને મીર્અહદ્ઘ ઉદ્ઘ : છઈ-ફઈ વર્લ્ડ જેવી વિવિધ ટેક્નોલૉજી આવરી લેવામાં આવી હતી. આ ફેરમાં કોલેજમાં જ વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર આવેલા લાઈવ પ્રોજેક્ટ્સ પણ મુકવામાં આવ્યા હતા જેમાં કમ્પ્યુટર સિક્યોરિટી, ૪ડી ટેક્નોલોજી, વેબ ટેક્નોલૉજી, રોબોટ્સ દ્વારા ઘર કે ઓફિસની સિક્યોરિટી, સ્માર્ટ પાર્કિંગ, સોલર કાર, સોલર સિટિ, સ્માર્ટ મિરર, બાર કોડ અને ફિંગર પ્રિન્ટ ડિટેકશન, કાર્ટૂનિંગ, ઈમેજ મૉર્ફિંગ, સિક્યોર હોમ જેવા વિવિધ વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ત્રિદિવસીય આઈ.ટી. ફેર અને અક્ષના આયોજન વિષે વધુ માહિતી આપતા કોલેજના ડાયરેક્ટર ડો.સંજય એમ શાહે જણાવ્યુ હતું કે કોલેજના અભ્યાસક્રમમાં શીખવવામાં આવતા વિષયોને જયારે વિદ્યાર્થીઓ પોતાની રીતે લાઈવ મોડેલમાં પરિવર્તિત કરેછે ત્યારે તેઓ સાચા અર્થમાં પારંગત થાય છે અને આ રીતે બનાવેલા લાઈવ પ્રોજેક્ટ્સને એક પ્લેટફોર્મ પૂરું પાડવા માટે અને અન્ય વિદ્યાર્થીઓ સુધી આ મેસેજ પહોચે તે હેતુથી આ આઈ.ટી.ફેરનું આયોજન કરવામાં આવ્યું હતું. અહી રજુ કરવામાં આવેલા જુદા જુદા પ્રોજેક્ટના કન્સેપ્ટ વિદ્યાર્થીઓ જીવન ઉપયોગી સાધનોમાં પરિવર્તિત કરે તો આવનારા ભવિષ્યમાં આપણાં મેક ઈન ઈન્ડિયાના સ્વપ્નને જરૂર સાકાર કરી શકાશે. આઈ.ટી.ફેરની સાથે આયોજિત અક્ષ-આર્ટ અને લિટરરી ઈવેન્ટમાં શાળાના વિદ્યાર્થીઓએ કાર્ડ મેકિંગ, રંગોળી, મહેંદી, વકૃત્વ, મેથ પઝલ, ક્વિઝ, સ્ટોરી કંપલિશન,લોક ગીત જેવી સ્પેધાઓમાં ભાગ લઈને પોતાનામાં રહેલી કળાને પ્રદર્શિત કરવા પ્રયત્ન કર્યો હતો.

આ ઈવેન્ટને કડી સર્વ વિશ્વવિદ્યાલયના ડાયરેક્ટર શ્રી ડી.ટી. કાપડિયા દ્વારા દીપ પ્રાગટય કરીને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ પ્રસંગે સંસ્થાની વિવિધ શાળા અને કોલેજના આચાર્યશ્રીઓ, શિક્ષક મિત્રો તથા ઈંડસ્ટ્રીમાંથી મહાનુભાવો હાજર રહ્યા હતા. કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડૅંટ શ્રી વલ્લભભાઈ પટેલે આઈ.ટી.ફેરની મુલાકાત લઈ વિદ્યાર્થીઓને વધુ સારું કેવીરીતે કરી શકાય તે માટે માર્ગદર્શન આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સમગ્ર ત્રિદિવસીય આઈ.ટી.ફેર દરમિયાન વિદ્યાર્થીઓના મનોરંજન માટે જુદા જુદા ફન ઝોન અને ગેમ ઝોનનું આઓજન પણ કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓની શારીરિક અને માનસિક આવડતોની ચકાસણી કરતી વિવિધ રમતો રમાડવામાં આવી હતી. વિવિધ સ્પર્ધાઓના અંતે ત્રણેય દિવસના વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સમગ્ર ઈવેન્ટનું આયોજન સંસ્થાના ડાયરેક્ટર ડો. સંજય એમ. શાહના માર્ગદર્શન હેઠળ કોલેજના પ્રાધ્યાપક મિત્રો અને વિદ્યાર્થીઓ દ્વારા સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવ્યો હતો.

શિવરંજની સંસ્થા દ્વારા શુક્રવારે 'બટ્ટ મોગરાની સુરીલી સુવાસ'

નયન પંચોલી, પ્રહર વોરા અને અમન લેખડિયા (સુરત) ગુજરાતી ગીત-ગઝલ અને ભજનનો રસથાળ પિરસશે

ગાંધીનગર, તા. ૨૧

નગરની સંગીતપ્રેમી સંસ્થા શિવરંજની દ્વારા શુક્રવારે ગીત-ગઝલ-ભજનના રસથાળ સમા એક અનોખા સંગીત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

સંસ્થાના પ્રમુખ વાગ્મિન બુચ દ્વારા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે શિવરંજનીના કાર્યક્રમોમાં એક નવા પ્રકારની વિવિધતા માટે ત્રણ પુરુષ ગાયકોની રજૂઆતના અભિનવ-વિશિષ્ટ પ્રયાસના પ્રયત્નરૂપે 'શિવરંજની' સંસ્થાના ઉપક્રમે કાર્યક્રમ 'બટ્ટ મોગરાની સુરીલી સુવાસ'નું આયોજન આગામી તા. ૨૩ ડિસેમ્બર ને શુક્રવારના રોજ રાત્રે ૯.૩૦ કલાકે ગાંધીનગર ટાઉનહૉલ ખાતે કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં નયન પંચોલી, પ્રહર વોરા અને અમન લેખડિયા (સુરત) ગાંધીનગરના શ્રોતાજનોને ગુજરાતી ગીત-ગઝલ અને ભજનનો રસથાળ પિરસશે. સંસ્થાના સભ્યોને આ કાર્યક્રમનો લાભ લેવા પધારવા સંસ્થા વતી તેમણે નિમંત્રણ પાઠવ્યું છે.

રાજ્ય વિશિષ્ટ ખેલ મહાકુંભમાં

રૂપાલ કન્યા શાળા ઝળકી

વીરમગામ ખાતે યોજાયેલા રાજ્યકક્ષાના વિશિષ્ટ ખેલ મહાકુંભમાં બહેનોની ખો-ખો સ્પર્ધા (અન્ડર-૧૪)માં રૂપાલ કન્યા શાળાની વિદ્યાર્થીનીઓ બબલીબેન સોહનભાઈ ગરાસિયા અને નિશાબેન પશાજી ઠાકોરે ભાગ લઈ શાળા તથા જિલ્લાનું નામ રોશન કર્યું હતું. બંને વિદ્યાર્થીનીઓને આ સિદ્ધિ બદલ શાળાના આચાર્ય અલકાબેન કાંતિલાલ વાલમીયા તથા ઍસઍમસીના અધ્યક્ષ બાબુજી રવાજી ઠાકોરે શાળા પરિવાર વતી બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.